| બુધ (મરક્યુરી) | : | શ્રી વિમલનાથ સ્વામી - **માતુશ્રી નવલબાઈ વીરચંદ વાલજી મોમાયા પરિવાર** (સાંયરા - ઘાટકોપર) |
| ગુરૂ (જ્યુપીટર) | : | શ્રી આદિનાથ ભગવાન - **માતુશ્રી નવલબાઈ વીરચંદ વાલજી મોમાયા પરિવાર** (સાંયરા - ઘાટકોપર) |
| ચંદ્ર (મુન) | : | શ્રી ચંદ્ર પ્રભુ સ્વામી - **માતુશ્રી સદ્‌ગુણાબેન મુલંચદ હીરજી પટેલ પરિવાર** (બાંઢીયા - મુલુંડ) |
| શની (શંત્રુન) | : | શ્રી મુનિસુવ્રત સ્વામી - **માતુશ્રી સદ્‌ગુણાબેન મુલંચદ હીરજી પટેલ પરિવાર** (બાંઢીયા - મુલુંડ) |
| શુક્ર (વિનસ) | : | શ્રી સુવિધિનાથ ભગવાન - **માતુશ્રી મધુરીબેન ભવાનજી શીવજી લોડાયા પરિવાર** (કોઠારા - ચાલીસગામ - વિદ્યાવિહાર) |
| રાહુ (નોર્થ) | : | શ્રી નેમિનાથ ભગવાન - **માતુશ્રી કસ્તુરીબેન રામજી ખોના હસ્તે નિશ્ચય મનિષા હરીશ** (નલીયા - ઘાટકોપર) |
| સુર્ય (દ સન) | : | શ્રી પદમ પ્રભુ સ્વામી - **માતુશ્રી ઈન્દિરાબેન જયંતિલાલ ધારશી વિકમશી**<br>હસ્તે **ચિ. હોશિ, સૌ. જિનાલી નયનભાઈ વિકમશી** (જખૌ - ઘાટકોપર) |
| કેતુ (સાઉથ ...) | : | શ્રી પાર્શ્વનાથ ભગવાન - **શ્રીમતી કલ્પના રાજીવભાઈ જયચંદ લુઠીયા** (રવા - મુલુંડ) |
| મંગળ (માર્સ) | : | શ્રી વાસુપૂજ્ય સ્વામી - **શ્રીમતી દમયંતીબેન ચાંપશી માણેકજી લોડાયા** (લોખંડવાલા) (સાંધવ - ઘાટકોપર) |

### અન્ય લાભાર્થી પરિવાર

| | | |
|---|---|---|
| ચાંદીની ચોવિસી | : | **શ્રીમતી સોનલબેન સુરેશ લખમશી ખોના પરિવાર** (વાંકુ - મુલુંડ) |
| ચાંદીની પંચતીર્થી | : | **શ્રી રમેશભાઈ દેવશી કચરાભાઈ ડાઘા** (ગોઅરસમા - દેવલાલી) |
| ચાંદીની અષ્ટમંગલ પાટલી | : | **એક પ્રભુ ભક્ત પરિવાર** |
| ચાંદીની સિધ્ધચક્ર ઘટો | : | **માતુશ્રી લક્ષ્મીબેન રમેશ દેવશી કચરાભાઈ ડાઘા, કુ. ભારતી, કુ. ઉન્નતિ** (ગોઅરસમા - દેવલાલી) |

સર્વે શિલાન્યાસના દાતા પરિવાર તથા પ્રતિમા ભરાવનાર દાતા પરિવારની અનંત આરોગ્ય નિધિ ટ્રસ્ટીગણ ફરીવાર ભૂરીભૂરી અનુમોદના કરે છે.

**સંપર્ક : પારસભાઈ - 9821050362 ● તિલેશભાઈ - 98203 29441**

**શ્રી અનંત આરોગ્ય નિધિ ટ્રસ્ટ** સંચાલિત **શ્રીમતી માલતીબેન જયંતિલાલ ભવાનજી સેનેટરીયમ**

**નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છા સહ....**

## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી મહારાજ ચોક, ખારેક બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૯.
ફોન : ૨૩૪૨ ૧૩૪૪ / ૨૩૪૪ ૧૯૨૯ ● ઈમેલ : anantnathtrust@gmail.com

### કુમઠા તથા વાલગીરી દેરાસરજીમાં અઢાર અભિષેક તથા ધ્વજા મહોત્સવ પ્રસંગે

**પધારો !** **તા. ૧૭ તથા ૧૮ ફેબ્રુઆરી ૨૦૧૮ના** **પધારો !!**

શ્રી અનંતનાથજી ટ્રસ્ટ સંચાલિત પ્રાચીન તીર્થ કુમઠા તથા વાલગીરીમાં અઢાર અભિષેક તથા ધ્વજા મહોત્સવનો પ્રસંગ દર વર્ષની જેમ ફરી એકવાર ફાગણ સુદ બીજ તથા ત્રીજ, શનિવાર તા. ૧૭-૨-૨૦૧૮ તથા રવિવારના ૧૮-૦૨-૨૦૧૮ રોજ ધામધૂમથી ઉજવીએ.

સૌ જ્ઞાતિજનોને વહેલી તકે ટિકિટો કઢાવી લેવા આગ્રહભરી વિનંતી છે. દર વર્ષે હુબલી, ગદગ, સીરસી વગેરે ગામોથી ૧૦૦-૧૨૫ જ્ઞાતિજનો આપણા આમંત્રણને માન આપીને ઉમળકાભેર આવે છે. ત્યાં રહેવા, જમવાની વ્યવસ્થા ખૂબ સુચારૂ રૂપે થાય છે.

**-: વધુ વિગત માટે સંપર્ક :-**
**શ્રી અનંતનાથજી ટ્રસ્ટ કાર્યાલય**
ટેલિફોન નં. 022-2342 1344 / 022-2344 1929
**શ્રીમતી માલતી હરીશ ધરમશી**
(મો) +91 96190 89345 / +91 98692 89345

**-: વ્યવસ્થા માટે સંપર્ક :-**
**શ્રી કાંતિલાલભાઈ,** કુમઠા
092421 75461, 090355 52066
**શ્રી હીરાચંદભાઈ,** વાલગીરી
081056 05020

**શ્રી અનંતનાથજી ટ્રસ્ટના સર્વે ટ્રસ્ટીઓના જય જિનેન્દ્ર**

**નોંધ :** જે કોઈ જ્ઞાતિજન ઉપરોક્ત પ્રસંગે પધારવાના હોય, તેમણે પોતાના નામ, ઉંમર, મોબાઈલ નંબર, કચ્છ/હાલારનું ગામ તથા રહેઠાણની વિગત તા. ૨૦-૦૧-૨૦૧૮ સુધી કુમઠા જણાવવી, જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

॥ શ્રી આશાપુરાય નમઃ ॥ ॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી ખેતરપાળ દાદાય નમઃ ॥

# બાંડીયા તથા જખૌ ના મૈશેરી પરિવાર

### બાંડીયામાં બીરાજમાન શ્રી આશાપુરા માં તથા ખેતરપાળ દાદાજીને નમતા મૈશેરી પરિવારના ભાવિકો...

આપ સૌને જણાવવાનું કે આ વરસે માતાજી તથા ખેતરપાળ દાદાજીની ૧૨મી સમુહ પહેડી રાસ, ગરબા, સંગીતના સથવારે કારતક વદ-૨ ને રવિવાર તા. ૫-૧૧-૨૦૧૭ના સાંજે ૩.૦૦ વાગ્યાથી રાતના ૮.૩૦ વાગ્યા ટેનીસ કલબ હાઉસ, કુકરેજા હૉલ, એલ.બી.એસ. માર્ગ, અનંત સિધ્ધિ ની સામે, ભાંડુપ મધે રાખેલ છે. તો સર્વે ભાવિકો અને નિયાણી બહેનો સહકુટુંબ સમયસર પધારવા ભાવભર્યું આમંત્રણ છે. સમુહ પહેડીમાં માતાજી તથા ખેતરપાળ દાદાજીની આરતી ઉતારવા માટે ચડાવો લેવામાં આવશે તો ચડાવો બોલીને લાભ લેવા વિનંતી.

મૈશેરી પરિવારની સુખ સમૃધ્ધિ માટે હવન કરાવવા માટે આવશે. તો એમાં નકરો ભરીને લાભ લઈ શકશો. હવન ૩.૦૦ વાગે ચાલુ થશે.

**ખાસ નોંધ :** સમુહ પહેડીમાં કોઈ એ પણ કાળા વસ્ત્રો પહેરવા નહીં અને કોઈ પણ કાળી વસ્તુ લાવવી નહીં.

**સંપર્ક માટે :**
(ભોઈમાં) **શ્રીમતી મમતા અમીષ મૈશેરી,** જખૌ
(મો) 098707 63677

**વધુ વિગત માટે**
**શ્રી નવિન રાયશી સામંત મૈશેરી,** બાંડીયા
(મો) 076665 67008



**ભુલ ચુક હોય તો માફ કરશો - નવિન મૈશેરી**
**ખાસ વિનંતી છે કે સર્વે ભાવિકો સમુહ પહેડીમાં પધારશોજી**



## શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ : શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ ઘાટકોપર



શ્રીમતી મનીષાબેન અને શ્રી કિરણસર મોમાયા સાથે શ્રી દેવચંદભાઈ ધરમશી દીપ પ્રકાશન કરતા



ટ્રસ્ટી શ્રી દેવચંદભાઈ ધરમશી, શ્રી દિવ્યાંગ મોમાયાનું સન્માન કરતા.



માનદમંત્રી શ્રી નરેશભાઈ મોમાયા, ડૉ.પ્રો. શ્રી કિરણસરનો પરિચય આપતા



ડૉ. પ્રો. શ્રી કિરણસર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા

૧૦ સપ્ટેમ્બર ૨૦૧૭ના ૧૦ વાગે આય.આય.ટી. પવઈ સંસ્થાના વિભાગ, પ્રમુખ પ્રો. ડૉ. શ્રી કિરણ કુમાર સોમચંદ મોમાયા - વરાડિયા તેમના સુપુત્ર શ્રી દિવ્યાંગ, પિતા પૂત્રે આપણા વિદ્યાર્થીઓ અને કન્યાછાત્રાલયની વિદ્યાર્થીનીઓના માર્ગદર્શન માટે, આજના જમાનામાં વિદ્યાર્થીઓ માટે કઈ ચેલેન્જીસ અને ઓપ્પોર્ટુનિટીઝ છે, જેની સમજ, સ્વાનુભવના પ્રસંગોથી સહજ સમજાવ પ્રેસ્ટેશન સેમિનારનું વિદ્યાર્થીગૃહમાં આયોજન ગોઠવેલ.

પ્રણાલિકા મુજબ પ્રથમ નવકાર મંત્રનું સામુહિક સ્મરણ, ત્યારબાદ શ્રી કિરણકુમાર મોમાયા સર અને તેમના ધર્મપત્ની અને સુપુત્ર શ્રી દિવ્યાંગ તથા હાજર અધિકારીવર્ગ દ્વારા દીપ પ્રકાશન થયું.

ત્યારબાદ પ્રો. શ્રી કિરણકુમાર અને તેમના પરિવારનો માનદમંત્રી શ્રી નરેશભાઈ મોમાયાએ પરિચય આપેલ અને પુષ્પગુચ્છ થી બહુમાન કરેલ. ડૉ. પ્રો. શ્રી કિરણકુમાર મોમાયા સર, આય.આય.ટી મુંબઈમાં ડિપાર્ટમેન્ટ ઓફ કંપેટેટીવનેસના વિભાગ પ્રમુખ છે, અને કેનેડા અને જાપાનમાં ઘણા વરસ રહી ચુક્યા છે. અને સુપુત્ર શ્રી દિવ્યાંગ જે જાપાનમાં નાગોયા યુનિવર્સિટીમાં ઇલેક્ટ્રોનિક્સ, ઇલેક્ટ્રીકલ એન્જિનિરીંગ કરી રહ્યા છે, તેમણે વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને નાચે માર્ગદર્શન આપ્યું હતું.

૧) ચેલેન્જ ને ઓપ્પાર્ટુનિટીમાં ફેરવી લાભ લેવાનું આપણાજ હાથમાં છે. ૨) ટેકનોલોજીના અભ્યાસ અને ટ્રેનિંગ માટે જાપાનમાં સ્કોલરશીપથી ભણવાની ઘણી તકો છે, ૩) વિદ્યાર્થીજીવનની ગાડી ને ડીરેલ થવા દેવી અને સફળતા પૂર્વક પ્રગતિ કરવી વગેરે મુદ્દાઓનું સચોટ માર્ગદર્શન અને સ્વાનુભવના પ્રસંગોનું વર્ણન પાવર પોઈંટની મદદ પ્રેઝન્ટેશન આપી વિદ્યાર્થીઓના મનમાં જાગેલ બધીજ શંકાઓનું સમાધાન કરેલ.

ડૉ. પ્રોફ. શ્રી કિરણકુમાર સરે કચ્છ-વરાડિયા થી આય.આય.ટી. મુંબઈ સુધીની સંઘર્ષમય સફરનું વર્ણન કરતા ટકોર કરી કે, આજે તમારા સહુના સૌભાગ્યે આવી અદ્યતન સગવડો વાળું - આપણા વડવાઓએ બનાવેલ વિદ્યાર્થીગૃહ મળ્યું છે, જ્યારે અમારા વખતે ફાનસના અજવાળા જેવી અપૂરતી સગવડોમાં અભ્યાસ કરવો પડતો હતો.

એવીજ રીતે જાપાન જવા માટે, ૧૦૦% સ્કોલરશીપથી, જાપાની ભાષા શીખી, બાસ્કેટ બોલની રમતમાં, મહારત હાસિલ કરી, ખાવા પીવાની તકલીફો સહન કરવી પડી, તો પણ કેવી રીતે આગળ વધ્યા તેનું શ્રી દિવ્યાંગ ભાઈએ પોતાના અનુભવોનું વર્ણન કરી, લગન હોયે તો માણસ ક્યાંય પહોંચી શકે છે તેનું જ્વલંત ઉદાહણ આપ્યું.

શ્રી વીરજી લધા ટ્રસ્ટ બોર્ડ તથા વ્ય.સ.ના અધિકારી વર્ગ, માનદ મંત્રી શ્રી નરેશભાઈ મોમાયા, શ્રી દેવચંદભાઈ ધરમશી, શ્રીમતી કાશ્મીરાબેન લૂઢિયા, શ્રીમતી હર્ષાબેન ધરમશી, શ્રી અનુજભાઈ લોડાયાએ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી. ડૉ. પ્રોફ. શ્રી કિરણકુમાર સર અને તેમના પરિવાનું બહુમાન કરેલ અને હાજર સર્વેનો આભાર માની, હોસ્ટેલનું સરસ ભાવતું ભોજન આરોગી વિદાય લીધી.


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

## અભિનંદનીય અનુમોદનીય તપોત્સવ - બાડમેર

શ્રી ચિંતામણી પાર્શ્વનાથના અસીમ કૃપાબળે તથા પરમોપકારી સંઘ હિતચિંતક, ગુરુગણની દિવ્યકૃપાએ... વળી વર્તમાન સૂરિ પૂરંદરોની ઉછળતી આશીષવર્ષાએ ગચ્છ ગગનાંગણે આવ્યો છે અનેરો... અનુમોદનીય... અભિનંદનીય તપોત્સવ...

તપચક્રવર્તી સંઘશિરછત્ર અચલગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ના સ્વર્ણીમ ૫૦મા વર્ષીતપ ની અનુમોદનાર્થ, શ્રી ગૌતમગુણવિહાર - પાલી તીર્થ પ્રેરક પૂ. મુનિ શ્રી કમલપ્રભસાગરજી મ.સા. ના શિષ્ય ૧૦ માસક્ષમણ તપના તપસ્વી પૂ. મુનિશ્રી સદાનંદસાગરજી મ.સા. એ સળંગ આયંબીલ વર્ધમાનતપની ૬૨મી ઓળીથી પ્રારંભેલ. ષડ્રસ ત્યાગની આ માંગલિક તપયાત્રા નિર્વિઘ્ને આગળ વધતાં અખાત્રીજે ૪૦૦ આયંબીલે પહોંચી વધતા પરિણામે ૫૦૦ આયંબીલના મનોરથ ગુરુગુણ કૃપાપાત્ર, કચ્છ કોહીનૂર પૂજ્ય ગુરુદેવશ્રી પાસે વ્યક્ત કરતાં, મુનિશ્રીની અનુકુળતાને લક્ષ્યમાં રાખી ગુરુદેવે સહર્ષ આજ્ઞા આપી.

પુનઃ પ્રારંભાયેલ આ તપ યાત્રા, મારવાડ રત્ન પૂ. મુનિરાજશ્રી કમલપ્રભસાગરજી મ.સા. આદિના યશસ્વી આરાધનામય બાડમેર ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે ૫૦૦ ના લક્ષ્યને આંબી ગઈ. સાથે સાથે વિહાર યાત્રા પણ થંભી ગઈ એટલે તપમાં મગ્ન બનેલ મુનિશ્રીને પુનઃ ૧૦૮ આયંબીલના ભાવો વૃધ્ધિવંત બન્યા. પૂ. ગુરુદેવની રજા મળતાં શુભભાવોનો વિજય થયો. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દાદાની મહેરે રંગે ચંગે ઐતિહાસિક ચાતુર્માસ, તીર્થ સ્વરૂપ ચિંતામણી દાદાના ''સવા છ ક્રોડ'' જાપ સહ અનેક વિધ તપસ્યાની સાથે પૂર્ણતાએ પહોંચ્યો એની સાથે સાથે મહાતપયજ્ઞ પૂર્ણતાએ પહોંચેલ છે.

પૂ. મુનિશ્રીના અપૂર્વ તપ પ્રેમની સાથે વયોવૃધ્ધ આરાધના પ્રેમી પૂ. મુનિશ્રી હ્રીંકારસાગરજી મ.સા. એ પણ ૯૧મી ઓળીની આરાધના કરી. સર્વેની અનુમોદનાર્થ ઉજમણાયુક્ત પાંચ દિવસીય તપોત્સવ (તા. ૨૧.૧૦.૧૭ થી ૨૫.૧૦.૧૭) બાડમેરની ધરતી પર યોજાયો છે. તા. ૨૧ ના સીમંધરસ્વામી ભાવયાત્રા અને સામૂહિક ૧૦૦૮ આયંબીલ. તા. ૨૨ ના તપાનુવાદ સભાસહ ૬૦૮નું પારણું, તા. ૨૩ ના ભક્તામર પૂજન, તા. ૨૪ ના તપ સાંજી - મહાકાળી માની ભાવના, તા. ૨૫ ના ૯૧મી ઓળીનું પારણું અને શ્રી પાર્શ્વ પદ્માવતી મહાપૂજન ભણાવવામાં આવશે.

૮૫ વર્ષની જૈફ વયે નિરંતર આરાધના મગ્ન નલિયા તીર્થ રત્ન પૂ. મુનિશ્રી હ્રીંકારસાગરજી મ.સા. ની ૯૧મી ઓળીની અનુમોદનાર્થ તપસ્યાની સાંજી તથા મહાકાળી માની ભાવના (તા. ૨૪.૧૦.૨૦૧૭ તથા તા. ૨૫.૧૦.૨૦૧૭) શ્રી પાર્શ્વ પદ્માવતી પૂજન નો લાભ પૂજ્ય મુનિશ્રી ના પરિવારજનો માતુશ્રી પાનબાઈ ભવાનજી ખોના પરિવાર અને માતુશ્રી લક્ષ્મીબેન નેણશી મોમાયા પરિવારે લીધેલ છે. આ પ્રસંગે પૂજ્ય મુનિશ્રી ના સંસારી પરિવારજનો બહોળી સંખ્યામાં બાડમેર પધારશે. તમોપણ સૌ પધારજો.

પૂજય મુનિવરોની તપાનુમોદનાર્થ ૨૧.૧૦.૨૦૧૭ / કા. સૂ. ૨ ના એક આયંબીલ જરૂર કરશો.

**બાડમેર સંપર્ક : મદન બોહરા** - 94136 36440, **અંકુશ સિંઘવી** - 75684 35044

### કે.ડી.ઓ.નું નવુ સાહસ

કચ્છ-બાયઠના આપણા જ્ઞાતિજન શરદભાઈ ત્રીકમજી દંડ, ઘણા વરસોથી મહારાષ્ટ્રના અહમદનગર જીલ્લાના શહેર શેવગામ રહે છે. સુઝબુઝથી ડ્રાયફ્રુટ/કરીયાણાની દુકાન ચલાવીને ગામમાં ખૂબ જ સારી શાખ ઉભી કરેલ છે. હમણા દશેરાના શુભ દિવસે ખૂબજ મોટો મોલ ચાલુ કરેલ છે. જેનું નામ બાપજી શોપીંગ મૉલ રાખેલ છે. અને સાથે કનક નામની પ્યોર વેજ રેસ્ટોરેન્ટ શરૂ કરેલ છે.

### સાંયરામાં મહાકાલી માતાજીની ભાવના

સાંયરા ૪-૧૦-૨૦૧૭ના માતુશ્રી સરલાબાઈ ગંગાજર મોમાયા તરફથી મહાકાલી માતાજીની ભાવના થયેલ જેમાં રતીલાલ ધ્રોળ તથા કસ્તુરીબાઈ તથા તરલાબાઈએ ભાવનામાં સારી રંગત જમાવેલ તથા તરલાબાઈ ૫-૧૦-૨૦૧૭ના આસો સુદ ૧૫ પુનમના માતુશ્રી સરલાબાઈ ગંગાજર મોમાયા તરફથી સ્વામી વાત્સલ્ય જમણ થયેલ. સ્કુલમાં પ્રભાવના એમના તરફથી કરવામાં આવેલ.

શરદ પૂનમના બજારના ચોકમાં દાંડીયા રાસ તથા સર્વે ગામવાસીઓ તરફથી દૂધપૌવા રાખવામાં આવેલ. દર પૂનમે આવતા ભાવિકો, એમાં રતિલાલ ધ્રોળની ૧૪૭મી સંળગ પૂનમ, દીનેશ પટેલની ૭૨મી છૂટક પૂનમ થયેલ છે.

### શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસરજી અને મહાજન ટ્રસ્ટ

લાલા ગામમાં બીરાજતા શ્રી ચંદ્રપ્રભુજી દાદાના જિનાલયની ધ્વજા તથા ૧૮ અભિષેક મહોત્સવ પ્રસંગે પધારો આપણા ગામે. ૧૯ જાન્યુઆરી ૨૦૧૮ 'સયાજી એક્સપ્રેસ' દ્વારા કચ્છ તરફ પ્રયાણ. આવવા અને જવાની ટિકીટ પોતાની રીતે કઢાવવી. ૨૦ જાન્યુઆરી ૨૦૧૮ના લાલા પહોંચીને બપોરના ૨ થી ૫ કલાકે ૧૮ અભિષેક. અભિષેકનો નકરો રૂા. ૧૦૦૧/- વહેલો તે પહેલાના ધારણે. સંપર્ક : તેજપાલભાઈ ધરમશી - 98700 70027 ને નામ નોંધાવી દેવા વિનંતી. વસંત પંચમી ૨૧ જાન્યુઆરી ૨૦૧૮, રવિવાર સત્તરભેદી પૂજા તથા દાદાનો ધ્વજા મહોત્સવ.સાધર્મિક ભક્તિ પછી 'કચ્છ એક્સપ્રેસ' દ્વારા મુંબઈ તરફ પ્રયાણ.

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### ભાંડુપ મધે ધાર્મિક આરાધના ઉજવણી : શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપ નિયોજિત ચૈત્યપરિપાટી

સંઘના ૩૦ શ્રાવક-શ્રાવિકાઓ અત્રેના ઘાટકોપર, વડાલા, લાલબાગ, પરેલ, માટુંગા, સાંતાક્રુઝ (૨), અસલ્ફા, મુલુંડ, ચેકનાકા વગેરે સ્થાનોએ ચૈત્યા, જુહારી, ગુરૂદેવોને ખમાવ્યા. યાત્રાના સંઘપતી માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયા હ. મનોજભાઈ હતા. હર મુકામે પરિવાર જનોનું બહુમાન થતાં સંઘ તરફથી લહેરચંદભાઈ મૈશેરીએ પ્રતિ આભાર માન્યો.

આ.ભ. ગુણસાગરસૂરીશ્વરશ્રીજી મ.સા.ની ૨૯મી પુણ્યતિથીએ ઋણ દિવસના કાર્યક્રમો પુજા, દેસાવગાસિક સામાયિક અને અંતે પૂજ્યશ્રીના જીવનના ગુણાનુવાદે પૂ. સા. શ્રી ધર્મપ્રિયાશ્રીજી મ.સા. અને લહેરચંદ મૈશેરીએ અનેકાનેક સત્કાર્યોના ગુણાનુવાદ કરતાં સંઘે ભાવભરી વંદના કરી.

### જિનાજ્ઞા પુસ્તક

કચ્છ લાલાના સુશ્રાવક શ્રી લક્ષ્મીચંદ ચાંપશી દંડ લિખીત જિનાજ્ઞા ભાગ ૪-૫ના ૩૦૦ પુસ્તકો તેમના તરફથી પરિવારોને ભેટ અપાયા.

### નવરાત્રી આરાધના

સતત ૨૪મા વરસે શ્રી અનંત મિત્ર મંડળ નવરાત્રી આરાધનાએ અચલગચ્છ અધિષ્ઠાયકી મહાકાલીમાં અને ચક્રેશ્વરી માની ૫૦ પરિવારો દ્વારા સાધના-આરાધના અને ૧૦ દિવસ સુધી ભક્તિ ભાવનામાં સંખ્યાબંધ શ્રદ્ધા ભક્તોએ હાજરી આપી. ભાવના સાથે રાસ ગરબા ગાયા અને રમ્યા. મંડળના દરેક સભ્યોએ ઉચિત સેવા આપી. આઠમના ૧૭૮ દિવડાએ સમુહ આરતીએ 'મહાકાલીમાં આંજી આરતી ઉતારીયું' ગાઈ ગચ્છની સુરક્ષા માગી.

### આસો માસની શાશ્વતી ઓળી

ચાતુર્માસ સ્થિત ગુરૂદેવ શ્રી ધર્મપ્રિયાશ્રીજી મ.સા.ની ક્રિયાશીલ નિશ્રામાં આસો માસની શાશ્વતી ઓળીના સંપૂર્ણ લાભાર્થી માતુશ્રી નવલબાઈ બાબુભાઈ દંડ તેરા હસ્તે ચિ. લીસા, દેવાંગ અને ચિંતન, કુમાર દંડ રહ્યા. મ.સા.એ દરરોજ અરિહંત, સિધ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ દર્શન-જ્ઞાન-ચરિત્ર અને તપપદ ઉપર વિસ્તૃત સમજ આપી આરાધકોને બળવતર કર્યા.

શ્રીપાળ મયણાં રાશના મુખ્ય ગુણોનું ગુણાકાર કરી વ્યાખ્યાન આપ્યું. લાભાર્થી પરિવારના ઉત્કૃષ્ટ ભાવોને ધ્યાનમાં લઈ રવિવારે બાળકો સાથે કુલ્લ ૭૨ જણે આયંબીલ કર્યા. ફાઈવ સ્ટાર્સ કેટરીંગ નિત્ય ૨૫થી ૩૦ વ્યંજને તપસ્વીઓને તૃપ્ત રાખ્યા. લાભાર્થી પરિવારના કુમારભાઈ દંડે આયંબીલ ઓળી કરી. સૌ સભ્યોની નિત્ય શાતા પૃચ્છા કરી. પીરસવાની સાથે વ્યાખ્યાનો રોજ પ્રભાવના કરી. અંતે સૌને તપના પારણાં કરાવી. પ્રસિધ્ધ અનુચિત પ્રભાવના કરી શ્રી સંઘે પરિવારની અનુમોદના કરી. સંઘ તિલક શ્રીફળ, હાર અને શાલ ઓઢાડી ગૌરવ કર્યું.

નિત્ય ૩૫ થી ૪૦ આરાધકો થતાં. મધુબેન ડાઘા, ઈલાખોના, કસ્તુરીબેન લોડાયા, ઉષાબેન મૈશેરી, અનીતા પટેલ, શોભના મોમાયા અને અન્યાએ ખડેપણે તપના રસોડે ખરીદી, મેનુ, દેખરેખ અને પીરસવાની સેવાઓ સેવા આપી.

લહેરચંદ મૈશેરીએ બીરદાવલી કરી સંખ્યાબંધ મહેમાનો સાથે રમેશભાઈ લોડાયા રાજેશ છેડા પણ પારણાએ પધારી પૃછા-પ્રભાવના કરી.

### સંસ્કારી નગરી વડોદરામાં દીર્ઘ સંયમી પૂ. સાધ્વી શ્રી હંસાવલીશ્રીજી મ.સા.ના ૭૫મા જન્મદિન ધર્મોત્સવની ૮ ઓક્ટોબર ૨૦૧૭ના રોજ થયેલી વિશિષ્ટ ઉજવણી

મહારાષ્ટ્રના ચાંદા ગામમાં જન્મેલા પ્રેમાળ અને સંસ્કારી માતા શ્રીમતી મોંઘીબેન (વારાપધરના રતનશી વિરમ લોડાયાની દિકરી) સીધા સરળ સ્વભાવ ધરાવતા તેરાના ઈમાનદાર પિતા શ્રી ડુંગરશી ધનજી આણંદજી દંડ પરિવારના દિકરી માત્રા ૧૫ વર્ષની ઉમરમાં પૂ. વિદુષી સા. પૂષ્પાશ્રીજી મ.સા. (રંગુનવાળા) પાસે સંવત ૨૦૧૩ પોષ સુદ ૧૩ના દિક્ષા લેનાર ચાર ધોરણનું અભ્યાસ અને ૬૦ વર્ષના સંયમ ના સથવારે સંસ્કૃતના વિદ્વાન ૭૫ વર્ષ પુર્ણ કરી ૭૬માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ચારિત્ર વંદનાવલીના અનોખા કાર્યક્રમનું આયોજન શ્રી ક.દ.ઓ. જૈન સમાજ વડોદરા દ્વારા કરવામાં આવ્યું. મ.સા.ના જીવનમાં મહત્વનના સાથ આપનાર દાંડો,


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ ફૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

કામળી, પાત્રા, પુંજણી-સુપડી, દંડાસન, ઓઘો, સંથારો, શ્વેત વસ્ત્ર, મુહપત્તિ, નવકાર માળાના લાઈવ સાર અર્થ સહીત પ્રસ્તુત કરવામાં આવ્યા.

આ પ્રસંગે બહારગામથી ૨૦૦ જેટલા મહેમાનોની હાજરી નોંધનિય હતી. જેમાં મુંબઈ ઘાટકોપર થી શ્રી બાબુ ભાઈ પાસડ પરિવારના ૮૦ વ્યક્તિ, દેવલાલી સંઘના શ્રી નરેન્દ્રભાઈ, મુકેશભાઈ સહીત ૧૦ વ્યક્તિ, હુબલી થી શ્રી હિરાચંદભાઈ ડુંગરશી દંડ પરિવાર, રોહા-કોટડા થી મુલચંદભાઈ વિસરીયા પરિવાર, રામાણીયાથી રતનબેન દેઢીયા પરિવાર, મુંબઈ થી મનિષભાઈ જાગાણી પરિવાર તથા આણંદ પરિવારના મુંબઈથી નરેન્દ્રભાઈ, કુમારભાઈ, અંકલેશ્વરથી લતીકાબેન તથા કમલેશભાઈ, આણંદથી કિશોરભાઈ, રતનબેન દામજી મુરજી લોડાયા, નવલબેન કાનજી મેઘજી લોડાયા કોચીન, તરલાબેન રતિલાલ વર્ધમાન નાગડા ઈન્દોર, ગોવાથી ભરત દેવશી દંડ, અમદાવાદથી શ્રી નવિનભાઈ લાલકા સહીત ૪ વ્યક્તિ, આ બધા સહ પરિવાર પધાર્યા. ઉપરોક્ત પ્રસંગે પાસડ પરિવારના દિકરા, દિકરી અને વહુઓએ સરસ સ્તવન, ગરબાની રમઝટ જમાવી અને અનાથી મુનીનું ડ્રામા પણ બખુબી ભજવ્યું.

૧ કીલો ગુંદરની પ્રભાવના અમલનેરવાળા સોમચંદ ભાણજી લાલકા વારાપધર પરિવાર તરફથી, શ્રીફળની પ્રભાવના સંઘમાતા નિર્મલાબેન કુંવરજી લાલકા પરિવાર તરફથી, રૂા. ૫૦ની પ્રભાવના પાસડ પરિવાર તરફથી, રૂા. ૨૫ આણંદ પરિવાર તરફથી, અને રૂા. ૨૫ વડોદરા સંઘ તરફથી કરવામાં આવી. સમગ્ર ચોમાસાના નવકારશી તથા સંઘ સ્વામી ભક્તિના દાતા માતુશ્રી દયંતીબેન રતનશી લોડાયા સાંયરા પરિવારે સ્વામી ભક્તિનો લાભ લીધો. આ પ્રસંગે યુવા મંચ દ્વારા 'આશાદિપ' સ્ટ્રીટ ચીલ્ડ્રન- બાળકોને તથા 'સ્પંદન' મંદ બુદ્ધીના બાળકોને નવકારશી, પાંજરા પોળમાં જીવદયા, વૃક્ષારોપણ, સાર્વજનિક બ્લડ ડોનેશન કેમ્પ તથા નિશુલ્ક સર્વરોગ નિદાન મેડીકલ ચેકઅપનું આયોજન કરવામાં આવ્યું.

**પર્યુષણ પર્વ આરાધના વડોદરા ખાતે**

પર્યુષણ પર્વ દરમ્યાન ઉગ્ર તપસ્યા રેકોર્ડ બ્રેક ઘૃત-ઉછામણી અને દરેક પ્રોગ્રામમાં નોંધપાત્ર હાજરી પૂ. સાધ્વી શ્રી હંસાવલીશ્રીજી મ.સા. શ્રીના પ્રભાવે જોવા મળી તેમના માર્ગદર્શન થકી જૈનીઝમ ફેન્સી ડ્રેસ કોમ્પીટીશન, સબ ખેલો સબ જીતો, ધરમ વિનાનું જીવન નકામું ડ્રામ, નાના ભુલકાનું હમારી માંગે પુરી કરો નાટક, બીજના દિવસે ૧૪ સ્વપ્નાની ભવ્ય ઝાંખી, પારણાની હરીફાઈ, ડ્રોઈંગ કોમ્પીટીશન, બેસ્ટ ઓફ વેસ્ટ, તથા વડોદરા ના દરેક શ્રાવક-શ્રાવિકા પાસે પર્વ દરમીયાન ભગવાનની નવ અંગી પુજાનો આગ્રહ, બુધવારે વિમલનાથ દાદાની વિશેષ ભાવના, અને પર્વ બધાજ દિવસે પ્રભુજીની ભવ્યાતિ ભવ્ય આંગી સાથે એકાસણા-આયંબિલ-વડીલોને પીરસગારીની જવાબદારી નિભાવી, મહિલા મંડળે વિવિધ ધાર્મિક કાર્યક્રમોના આયોજન કર્યા પૂ. મ.સા.ના સાનિધ્યમાં સમગ્ર ચાર્તુમાસ દરમ્યાન ચૌવિહાર-નવકારશી-સામાયીક, પ્રતિક્રમણ, લબ્ધી તપના એકાશણા-સાકળી આયંબિલ, ચૌમાસી છઠ્ઠ, અઠ્ઠમ, અક્ષયનિધિ, સમોસરણ, ચૌદપૂરવ, ૧૩ અઠ્ઠાઈ-જીવદયા-નિયમિત વ્યાખ્યાન-પ્રવચન (શાંતિ સુધા રસ સુત્ર અને વિરભાણ-ઉદયભાણ ચરિત્ર) ના શ્રવણનો લાભ, સકળ સંઘે લીધો અને સોનામાં સુગંધ રૂપે માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા સાંયરા પરિવાર તરફથી ચાર્તુમાસ દરમિયાન મ.સા.ના વૈયાવચ અને તપસ્વીઓ સાથે સકળ સંઘ તથા બહારગામથી પધારેલા મોંઘેરા મહેમાનો માટે સાધર્મિક-ભક્તિ તથા ઋષિમંડલ મહાપૂજનનો લાભ પણ પ.પૂ.મ.સા.ની પ્રેરણા થકી મળ્યો. નવકાર મહામંત્ર જાપ, ૧૦૮ પાર્શ્વનાથ પૂજન, ગીરનારજી ભાવ યાત્રા, દર રવિવારે બાળકોની શીબીર તથા દર બુધવારે બહેનો માટે શીબીરનું આયોજન નોંધનીય રહ્યું. માતુશ્રી નિર્મલાબેન કુંવરજી લાલકા પરિવાર તરફથી સિધ્ધચક્ર મહાપૂજનનું આયોજન કરવામાં આવ્યું. પૂ.મ.સા.ની પ્રેરણા થી સંઘના ઘણા સભ્યોના જીવનમાં આમુલ પરિવર્તન આવ્યા શ્રી નરેન્દ્ર દામજી મોમાયા અને શ્રી તરૂણ રાઘવજી નાગડા, શ્રીમતી નૈનાબેન અનિલ નાગડા, સોમચંદભાઈ મોમાયા સમગ્ર પરિવાર તથા દિનેશભાઈ નાગડા પરિવાર સેવા યજ્ઞના કાર્યમાં જોડાઈ ગયા. ઘણા નામી આનામી કાર્ય-કર્તાઓ ના સથવારે આજ દિન સુધી બધાજ પ્રસંગો દિપિ ઉઠ્યા. અને આવુજ એક વિરલ દ્રષ્ટાંત જુઓ શ્રીમદ રાજચંદ્ર ના વિચારો ગ્રહણ કરનારના જીવનમાં પૂ.મ.સા.નો પ્રભાવ જુઓ તો ખરા કેવા નિયમો લીધા છે. (૧) ભોગાપભોગ વિરમણ વ્રત (૨) છઠ્ઠા દિશાવ્રત-વડોદરાથી ૧૦૦ કીમી દુર જવું નહી. (૩) વાહન ઓછામાં ઓછુ ચલાવવું-જીવહિંસા ન થાય (૪) સીનેમા-ટીવીનો સંદતંર ત્યાગ (૫) જાહેર સમારંભો નો ત્યાગ-બજારની વાનગીનો ત્યાગ (૬) ખુબજ પ્રીય કેક-આઈસસ્ક્રીમ-કેડબરી નો ત્યાગ (૭) ૨૪ કલાક માંથી ૨૧કલાક મૌન (૮) ઓટસએપ અને ફેસબુકનો ત્યાગ (૯) જાહેર જીવનમાં કોઈની સાથે વાદ-વિવાદ, ચર્ચા-વિચારણા, સલાહ સુચન રાગ દ્વેષ ક્રમશઃ ઓછા કરવા આ વ્યક્તિ કોઈ પ્રબળ મનોબળ ધરાવતા પરિવારની જ હોઈ શકે.

દિર્ઘ સંયમી પૂ. સાધ્વી શ્રી હંસાવલી શ્રીજી મ.સા.ના સંસારી ભાઈ હવે બહેનને ૭૫મી વર્ષગાઠ પર વિર પસલીમાં જુઓ કેવી ભિષ્મ પ્રતિજ્ઞા લે છે. શ્રી પ્રવિણ ભારમલ લોડાયાની ઘણી ઘણી અનુમોદના એમના મનોરથ પુર્ણ થાય

તેવી ભાવના. આજના આ હેપ્પી બર્થડે ની ધાર્મિક પાર્ટીમાં હાજર શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ વડોદરાના જ્ઞાતિજન પોતાને આ પ્રસંગમાં સામેલ થઈ સમાજની સુવર્ણ પળોમાં અવિભાજ્ય અંગ તરીકે માન મેળવી ગૌરવ લે છે.

**દિર્ઘ સંયમી પૂ. સાધ્વી શ્રી હંસાવલીશ્રીજી મ.સા.ના ૭૫મા જન્મદિને વિરપસલી...**

પૂ. સાધ્વી શ્રી હંસાવલીશ્રીજી મ.સા.ના ૭૫માં જન્મદિવસે આપણે શું ભેટ આપી શકીએ એના પર મને શ્રીમદ રાજચંદ્રે ''આત્મસિધ્ધશાસ્ત્ર'' માં લખેલું યાદ આવ્યુ, ૧૨૫મી ગાથામાં શ્રીમદ કહે છે, શું પ્રભુ ચરણે કને ધરૂં ! આત્માથી સૌ હીન.... તે તો પ્રભુએ આપી વર્તુ ચરણાશ્રિત'. હુ પ્રભુના ચરણ આગળ શું ધરૂ ? જે જે જગતમાં પદાર્થ છે, તે સૌ આત્માની સામે તુચ્છ છે, તે આત્મા તો તમે આપ્યો તેની સામે હું શું બીજું આપી શકું ?... હું તો આપના ચરણને આધીન વર્તુ, એટલું માત્ર કરવાને સમર્થ છું. આના પરથી મને ઝબકારો થયો કે આપણે પણ કેમ પૂજ્ય સાધ્વી ભગવંત જે છેલ્લા ત્રણ માસથી વ્યાખ્યાનમાં આપણને બોધ આપી રહ્યા છે તેનું પાલન કરીને આપણી શુલ્લક ભેટ કેમ તેમના ચરણે ના ધરીએ ? એટલે એમના ૭૫મા જન્મ દિવસે મેં અચુક પ્રતિજ્ઞાઓ લઈને એમના ચરણે ભેટ ધરવાનો નિશ્ચય કર્યો. ભગવાન મહાવીરનો અપરિગ્રહનો સિદ્ધાંત વર્ષોથી મારો પ્રિય વિષય રહ્યો છે અને તેને અનુંસરીને હું આ પ્રતિજ્ઞાઓ લઉં છું અને હવે પછી બાકી રહેલા વર્ષો માટે ઓછામાં ઓછા પરિગ્રહથી કેમ જીવાય તેની બાધા લઉં છું.

**સખી વૃંદ પુના**

૨૩ સપ્ટેમ્બરના મીરાબેન મીતેનભાઈ શાહના ઘરે મિટિંગ યોજાઈ. મીરાબેને પાર્ટીમાં પ્રચલિત 'ડિપ્સ અને સ્ટાર્ટર'નો વિષય પસંદ કરેલ. આપણી સામાન્ય પ્રણાલી મુજબ વિવિધ પ્રકારના નાસ્તા સાથે જાતજાતના ચટણીયો પીરસાતી. પંરતુ આજના યુગમાં ડિપ્સ પર મહોરો લાગેલ છે, જે અલગ પ્રકારના બને છે સાથે રૂચિકર સ્ટાર્ટર સાથે પીરસાય છે જે સ્વાદિષ્ટ અને પોષ્ટીક પણ છે. મીરાબેનના મત મુજબ એનો ખાસ ફાયદો એ છે કે ડીપ અગાઉથી તૈયાર કરી શકાય છે જેના થી પાર્ટી વખતે મેહમાનો સાથે સમય વિતાવી શકાય. મીરાબેને મેડીટરેનીયન અને મેક્સીકન ડિપ્સની સંપૂર્ણ માહિતી સાથે લિખિત નોટ આપેલ, અને પ્રત્યક્ષીકરણ કરેલ.

૧) ગુઆકોમાલે (Guacamole) : એવોકાડો સાથે બનાવેલ મેક્સીકન ડીપ બતાવેલ. સ્વાદિષ્ટ Guacamole માટે તૈયાર એવોકાડો વાપરવાનું જરૂરી છે.

૨) હમ્મુસ : એક અત્યંત લોકપ્રિય ડીપ જે એપેટાઈઝર તરીકે વપરાય છે અને પિટા બ્રેડ, સલાડ આદિ જોડે ખવાય છે, હમ્મુસ ચણા અને તાહિની પેસ્ટ (તલની પેસ્ટ) થી સ્વાદિષ્ટ અને ક્રીમી ડીપ તૈયાર થાય છે.

૩) રીફ્રાઈડ બીન્સ : રાજમાંની સ્વાદિષ્ટ મેક્સીકન ડીપ છે.

૪) બાબા ગનુષ : રીંગણા થી બનાવેલ એક લોકપ્રિય ડીપ જે પીટા બ્રેડ સાથે ખવાય છે.

૫) સાલસા : ગ્રીન સાલસા જે લીલી કેપ્સિકમ થી અને રેડ સાલસા જે ટામેટાથી બને.

એ ઉપરાંત મીરાબેને સ્વાદિષ્ટ 'ક્રન્ચી પટેટો ફિંગર્સ' સાથે 'ટમેટો ચીસ રોલ' જેવા સ્ટાર્ટર્સ સમજાવેલ. બધી બહેનોય સ્ટાર્ટર્સ અને ડિપનો સ્વાદ માણેલ.

નવરાત્રીને લક્ષમાં રાખી કચ્છી પહેરવેશ પહેરવાનું સૂચન આપેલ. સર્વેએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. કચ્છી ભરત, બાંધણી સાથે અનુરૂપ બટવાથી સજ્જ બહેનો પધારેલ. અંતમાં મીરાબેન દ્વારા 'બેસ્ટ ડ્રેસ્ડ લેડીનો' ખિતાબ અપાયેલ જેના વિજેતા હતા કવિતાબેન પ્રકાશ શાહ, વંદનાબેન મણિલાલ ધરમશી અને નલીનીબેન નરેન્દ્રભાઈ લાપસીયા. અંતમાં સર્વેએ ગરબાની રમઝટ જમાવેલ.

**શ્રી ક.દ.ઓ. મોતા પરિવાર અંબામાં ટ્રસ્ટ, તેરા**

આસો નવરાત્ર ઉત્સવ હોંશ અને ઉમંગથી કુળદેવી મા અંબાઈમાના મંદિરે તેરા ખાતે ઉજવાયો. કુળદેવીનું મંદિર હોઈ નવરાત્રિમાં અહીં ગામની બહેનોને જ આમંત્રણ હોય છે. બહેનો રોજ રાત્રે બે કલાક ગરબા રાસની રમઝટ બોલાવી, આરતી કરીને પ્રસાદ લે છે. તેરાની સ્કુલોમાં દર વર્ષે ચોકલેટ બાર આપી બાળકોનું મો મીઠું કરાવાય છે. દરેક કુટુંબ દીઠ નવરાત્રી ભેટ અપાય છે. આ વર્ષના ભેટ/રોજીંદા પ્રસાદ લાભાર્થી માતુશ્રી જેવંતીબેન રતિલાલ મોતા, કુવાપધરવાળા પરિવારના શ્રી લાજેશ મોતાએ નવરાત્રી દરમ્યાન હાજર રહીને લાભ લીધો હતો. કુટુંબ સાથે અષ્ટમીના ચંડીપાઠ એવં નવરાત્રીના માતાજીના જુહાર મોતા પરિવારવતી કર્યા હતા. ભુવાજી શ્રી હિરાચંદ પટેલે માર્ગદર્શન આપ્યું હતું.

**શ્રી પદમ મુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)**

પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણાથી ટ્રસ્ટની સ્થાપના થયેલ. તેમજ પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ના આશિર્વાદ અને માર્ગદર્શન થી ટ્રસ્ટના કાર્યો સફળતા પૂર્વક ચાલી રહ્યા છે.

દર બુધવારના ચાલીસગામ મધ્યે ગરીબોને ભોજન કરાવવામાં આવે છે. જેના કાયમી દાતાઓના નામ

૧) એક સદ્‌ગ્રહસ્થ (મુલુંડ), ૨) રતીલાલ વાલજી લોડાયા (મુલુંડ), ૩) માતુશ્રી સોનબાઈ ધારશી, જયંતિલાલ ધારશી વિકમશીના સ્મરણાર્થે હસ્તે ઇંદિરાબેન વિકમશી (ઘાટકોપર), ૪) પદમશી હિરજી મોમાયા હસ્તે ઇંદુમતી

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **શ્રીમતી ગીતા પદમશી મોમાયા** (PS 5495) | ૧૧૦૭, સેરેનીટી ટાવર, બી વિંગ, હસ્નાબાદ લેન, રેલ્વે સ્ટેશનની પાસે, સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૪. |
| **ગિરીશ નરશી શાહ (નાગડા)** (PS 3813) | એ-૨૦૪, શાંતિ એપાર્ટમેન્ટ, વિદ્યાલય માર્ગ, મહાકાલી નગર, મુલુંડ (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૮૧. મો.: ગિરીશ ૯૩૨૨૯ ૯૩૬૮૮, કેજલ ૯૩૨૩૯ ૯૩૧૭૬ |
| **પંકજ કુંવરજી મોતા** (PS 3420) | ફ્લેટ ૨૦૧, શાંતિ નિકેતન, વિંગ બી-૧, બીજે માળે, શનિ મંદિર સામે, ભોપર રોડ, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૪. મો.: ચિરાગ ૯૮૩૩૩ ૬૯૭૫૮ |
| **શ્રીમતી બેલા હિમાંશુ શાહ (મોમાયા)** (PS 3140) | ફ્લેટ ૬૦૨, શાંતિ નિકેતન, વિંગ બી-૧, ૬ઠે માળે, શનિ મંદિર સામે, ભોપર રોડ, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૪. મો.: ૦૯૩૨૦૮ ૯૯૨૪૧ |
| **કિર્તીકુમાર નેણશી મોમાયા** (PS 6331) | બી-૪૦૧, સોમોન્દો ૩.૦, નીયો ટાઊન, ઈલેક્ટ્રોનિક સિટી ફેઝ ૧, બેંગલોર - ૫૬૦ ૧૦૦. મો.: ૦૭૦૬૯૬ ૩૧૭૯૨, સુશીલ ૯૯૨૫૯ ૦૦૬૬૬ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૦૭-૧૭ | મુલુંડ | અમાયશ, પ્રિયંકા અમિત લોડાયા | સુથરી | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૧૦-૧૭ | ડોમ્બીવલી | ચિરાગ પંકજ કુંવરજી મોતા | નલીયા | ૨૯ |
| | ડોમ્બીવલી | ભૂમિકા હીરાચંદ દામજી છેડા | નલીયા | ૨૭ |
| ૧૧-૧૦-૧૭ | ઔરંગાબાદ | કરણ ગિરીશ લીલાધર મૈશેરી | લાલા | ૨૮ |
| | નાગપુર | મેઘા નિતિન મણીલાલ લોડાયા | સાંયરા | ૨૩ |

### અંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧-૧૦-૧૭ | ઔરંગાબાદ | હાર્દિક ગિરીશ લીલાધર મૈશેરી | લાલા | ૨૬ |
| | દેવલાલી | મિષ્ટી સંજય વિનયભૂષણ ભટનાગર | દિલ્હી | ૨૩ |

### અંતરજ્ઞાતિય લગ્ન છૂટા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦-૦૮-૧૭ | ડોમ્બીવલી | રાહુલ કાંતિલાલ રતનશી શિયાલ (શાહ) | જખૌ | ૩૬ |
| | અમદાવાદ | જયશ્રી અરવિંદ જમનાદાસ ભાવસાર | અમદાવાદ | ૩૬ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૧૦-૧૭ | દિવા | ભાણજી દામજી શીવજી નાગડા | રંગપુર | ૮૯ |
| ૦૮-૧૦-૧૭ | ડોમ્બીવલી/ધમતરી | નલીન પ્રેમજી શિયાલ | જખૌ | ૭૫ |
| ૦૮-૧૦-૧૭ | મુલુંડ | હેમલતા મુલચંદ ધરમશી | સુથરી | ૮૦ |
| ૧૪-૧૦-૧૭ | ડોમ્બીવલી | લીલાબેન મણીકાન્ત પોલડીયા (શાહ) | રંગપુર | ૬૯ |

હિરજી મોમાયા (હુબલી), ૫) શ્રીમતી તારાબેન કિશોરભાઈ જીવરાજ (સાંયા-ભુજ), ૬) હરીશ મુલજી મોમાયા (કોપર), ૭) મહેન્દ્રભાઈ લાલજી લાપસિયા હસ્તે પુષ્પા મહેન્દ્ર લાપસિયા (સાંતાક્રુઝ), ૮) અમરચંદ હંસરાજ ડાઘા પરિવાર (ધુલિયા), ૯) ઉમરશી શામજી મેપાણી હસ્તે સરોજ પ્રદીપ મેપાણી, પારૂલ યોગેશ ધુલ્લા (વડાલા), ૧૦) સ્વ.સૌ. દેવિકાબેન સોમચંદ ભાણજી લાલકા (અમલનેર), ૧૧) ચંદનબાઈ નરશી કેશવજી મૈશેરી (ચાલીસગામ), ૧૨) રૂતાન્શુ કિંજલ ઝવેરી (મુંબઈ), ૧૩) અચલગચ્છ મહિલા મંડળ (ધુલિયા), ૧૪) અ.સૌ. વીણાબેન ચંદુલાલ નાગડા હસ્તે ચંદુલાલ પુનશી નાગડા (મસ્જીદબંદર)

**સ્થળ સંકોચના કારણે બાકી રહેલા સમાચાર આવતા સંયુક્ત અંકમાં પ્રકાશિત થશે જેની નોંધ લેવા વિનંતી.**

# ❊ દ્વિતીય પુણ્યતિથિએ ભાવભીની સ્મરણાંજલિ ❊



## શ્રી કેતન ગોવિંદજી લોડાયા (અજાણી)

ઉ.વ. ૫૦

કચ્છ : કોઠારા • મુંબઈ : ઘાટકોપર

જીવન યાત્રા

તા. ૧૬-૧૦-૧૯૬૫ • તા. ૨૦-૧૦-૨૦૧૫

વિધિના લખ્યા લેખ કેવા ક્રૂર થઈ ગયા,
હાસ્ય તણા ઝળઝળીયા આંખોના પૂર થઈ ગયા....
છોડ્યો તમે હાથ, મજબૂર અમે થઈ ગયા,
હજુ જોઈતો હતો સાથ તમે દૂર થઈ ગયા....

છોડી અમારો સાથ... વસ્યા જઈ પ્રભુની પાસ,
વિરલ વ્યક્તિત્વ તમારું... અમર એની સ્મૃતિ સુવાસ !

**માતુશ્રી કાંતાબેન ગોવિંદજી ધનજી લોડાયા (અજાણી) પરિવાર**

નિવાસ : ૯૦૪/૯૦૬, સહ્યાદ્રી બિલ્ડીંગ, નીલકંઠ વેલી, રાજાવાડી, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.

**કુલીન જ્વેલર્સ ❖ કુલીન ઈમ્પેક્સ**

મુંબઈ-૪૦૦ ૦૦૨.

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (16-10-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# વીરજ લધાભાઈ વિદ્યાર્થીગૃહ ઘાટકોપર ખાતે કચ્છી ડિબેટ - ચર્ચાજો ચબુતરો

દીપ પ્રકાશન વિધી વંદન કરતા માનદ મંત્રી શ્રી નરેશભાઈ મોમાયા, શ્રીમતી દિમી ધરમશી અને અન્યો





ઉપસ્થિત શ્રોતાગણ, વિદ્યાર્થીઓ

ચર્ચાજો ચબુતરો પર ચર્ચા કરતા સ્પર્ધકો





વિજેતા ટીમની જાહેરાત કરતા નિર્ણાયકો

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. શ્રી લહેરચંદ નરશી છેડા**

**હાલ : ભાંડુપ, કચ્છ : નલીયા**

જન્મ : તા. ૦૫/૦૮/૧૯૫૦

અરિહંત શરણ : તા. ૨૪/૧૦/૨૦૧૬



કદી પિતાના રૂપે તો કદી મિત્ર સ્વરૂપે
તમારો હાથ અમારી ઉપર છે આશીર્વાદ રૂપે
નાના હતા અને અને ઓછી હતી સમજ
તો પણ અમારા પ્રેમ પર કર્યો વિશ્વાસ તમે
પ્રેમ, અને સંસ્કારોનું સિંચન કર્યું તમે
હૃદય જેનું છે વિશાળ એમને ભેટ સ્વરૂપે શું આપીએ ?
બસ ! પ્રભુને પ્રાર્થના જ... હર જન્મમાં પિતા તમે જ...

પત્ની : **શ્રીમતી લતા લહેરચંદ છેડા**
પુત્ર-પુત્રવધુ : **અ.સૌ. આશુ અને ગૌરવ છેડા**
દીકરી-જમાઈ : **અ.સૌ. ખુશ્બુ અને ગૌરવ મેઘાણી**
પૌત્ર : **કિયાંશ ગૌરવ છેડા અને મારા ગૌરવ મેઘાણી**
ભાઈ-બહેન : **પંકજ નરશી છેડા, ચંદ્રિકા ભરત ખોના**
**ભારતી લલીત ધરમશી અને કુસુમ જીતેન્દ્ર શાહ**
સસરાજી : **લાલજી મુલજી દેસાઈ** (હુબલી)

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,